

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

આનંદનું ગળું, હાથે કરીને, ટપકાવી દીધું !
કરી બ્લોક પ્રેમની રગો, હૃદય ટપકાવી દીધું
ટપકાવી દીધું, ખોટું ટાંચણ હૃદયની ડાયરીમાં
આંખનાં અમીને આસું બનાવી ટપકાવી દીધું

### હાઈકુ

વય નો બોજ,
સૌને લાગે છે બોજ -
જિંદગી બોજ...
(વૃદ્ધાવસ્થા)

'ક' વધારાનો
છે મૂળાક્ષર છતાં -
કોઈ નો નહીં!!
(કખગઘ પછી આવતો અંગ)

### ચિંતન

ન દાનસમં વશ્યં વશ્યમ્ ।

ઉપરોક્ત શ્લોક ચાણક્યસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

દાન સમાન ઉપકાર નથી.

કોઈ વ્યક્તિને જે સમયે જે વસ્તુની આવશ્યકતા હોય એનું એને દાન આપો તો એના જેવો બીજો કોઈ ઉપકાર નથી.

દાનનો અર્થ જ 'આપવું તે' થાય છે. તમારી પાસે જે વધારે છે તે ઉદાર હૃદયથી બીજાને, જેને જરૂર છે એમને માગ્યા વિના અને ઢંઢેરા પીટ્યા વિના, 'ઉપકાર કર્યો' એવી ભાવના વિના, પોતાના માનસિક - શાંતિ સંતોષ માટે આપે.

### સુવિચાર

- આશીર્વાદથી જ સિદ્ધિ મળે એવી માન્યતા ધરાવતી પ્રજા સૌથી વધુ નમાલી જ હોય - **સ્વામી સચ્ચીદાનંદજી**
- આપણને જે ગમે તે કરવા કરતાં જે કરીએ એ ગમાડવું તે વધુ મોટી સિદ્ધિ છે - **વિલિયમ બ્લેક**
- તલસ્પર્શી બુદ્ધિનું નામ જ કુશાગ્ર બુદ્ધિ - **બાલ્ઝાક**
- સત્કર્મનો ભાવ નાનામાં નાના કાર્યને પણ ઉમદા બનાવી દે છે - **જનકલ્યાણ**
- શરીર વીણા છે ને આનંદ એનું સંગીત છે,
  એટલે જ આ સંગીત માણવા માટે વાદ્ય બરાબર રાખવું જોઈએ - **હેન્રી વાર્ડ બીટાર્સ**
- ગુણ અને જ્ઞાનનો સદુપયોગ આત્મવિકાસમાં પરિણમે છે - **અખંડ આનંદ**
- આજનું ઔષધ : અંગ જકડાઈ ગયું હોય તો રાઈની પોટીસ લગાડવાથી પદો થાય છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

પોર્ટુગલના મહાન ફુટબોલ ક્રિશ્ટીયાનો રોનાલ્ડો ને હમણાં તાજેતરમાં એક એવોર્ડ મળ્યો. આ એવોર્ડ એણે 'અલ્બર્ટો ફનત્રુ' ને સમર્પીત કરી દીધો. અને પત્રકાર પરિષદમાં કહ્યું, 'અત્યારે હું જે કંઈ હું તે અલ્બર્ટો ને કારણે છું.' ત્યારે પત્રકારોએ પૂછ્યું, 'આ અલ્બર્ટો કોણ છે ?' ત્યારે રોનાલ્ડો એ એક નાનપણની ઘટના વર્ણવી.

રોનાલ્ડોએ કહ્યું, 'હું અને અલ્બર્ટો એક સાથે સ્કૂલમાં ફૂટબોલ રમતાં, જયારે નેશનલ ટીમના સીલેક્ટર્સ અમારી શાળામાં એક મેચ જોવા આવ્યા હતા ત્યારે એમ બંનેમાંથી એક તોજ પસંદ થઈ શકત, જેણે ગોલ કર્યા હોત. એ મેચ દરમિયાન પહેલો ગોલ મેં કર્યો અને બીજો ગોલ અલ્બર્ટો એ કર્યો. મેચ પૂરી થવાને થોડીવાર હતી અને ત્રીજો ગોલ માટે અલ્બર્ટો વિરોધી ટીમના ગોલ પોસ્ટ સુધી પહોંચી જવામાં હતો. ત્યાં અચાનક એણે દડો મને પાસ કરી દીધો અને મેં ગોલ ફટકારી દીધો. મને ખાતરી હતી કે એ ક્ષણે અલબર્ટો ખુદ ગોલ કરી શક્યો હોત...' જયારે મેં અલ્બર્ટોને પૂછ્યું કે આમ કેમ કર્યું ત્યારે અલ્બર્ટોનો જવાબ હતો. 'મને ખબર છે કે મારા કરતા તું જ સારો ખેલાડી છે.' આમ એણે નેશનલ લેવલમાં પોતે નહીં મને યોગ્ય ગણ્યો છે.'

જયારે પત્રકારે બીજે દિવસે આ વાતની ખાત્રી કરવા અલ્બર્ટોને મળ્યા ત્યારે અલ્બર્ટોનું વિશાળ ઘર અને વૈભવ ગાડી મૂકેલું પાર્કિંગ જોઈ આશ્ચર્ય પામ્યા... ત્યારે અલ્બર્ટોએ કહ્યું, 'આ બધું મારા ખાસ મિત્ર ક્રિશ્ટીયાનો રોલાન્ડોને જ આભારી છે.'

# માતૃભાષાનું ગૌરવ કરીને આપણે સંસ્કૃતિના જતનનું જ કામ કર્યું છે

**તંત્રીસ્થાનેથી...**

પહેલા ધોરણથી દસમા ધોરણ સુધી માતૃભાષા ગુજરાતી ફરજિયાત વિષય તરીકે ભણાવવાનો નિર્ણય કરી એક પ્રશંસનીય પગલું ભર્યું છે. આવા નિર્ણયનું શ્રેય અગાઉની કોંગ્રેસ પક્ષની સરકારો કે અતિ લોકપ્રિય મુખ્યમંત્રી ગણાતા નરેન્દ્ર મોદીની સરકાર નહોતી લઈ શકી, નહીંતર મુદ્દો તો ચર્ચામાં હતો જ. ખાટલે મોટી ખોડ કે એ મુદ્દા પરત્વે કોઈએ કયારેય ગંભીરતાપૂર્વક વિચાર્યું જ નહીં, છેલ્લાં વર્ષો દરમિયાન તો આખા દેશની જેમ ગુજરાતમાં પણ અંગ્રેજી માધ્યમની શાળાઓના રાફડા જ ફાટ્યા છે. સરકારે 'સેલ્ફ ફાઈનાન્સ' ના નામે જેને જે કરવું હોય એની છૂટ આપી દઈ શિક્ષણના નામે શરૂ થયેલા ધીકતા ધંધાને રીતસર પ્રોત્સાહન જ આપવાનું વલણ દાખવ્યું. પરિણામે સરકારી શાળાઓ પણ ખાનગી ટ્રસ્ટોને પધરાવવાનો શિરસ્તો શરૂ થયો અને બિલ્ડરોએ શિક્ષણના બે-પાંચ તજજ્ઞોને હાથ પર લઈ શાળાઓના નામે ટંકશાળાઓ સ્થાપી દીધી. આવા વિષમકાળમાં વિજય રૂપાણીના નેતૃત્વવાળી સરકારે હાંસિયે ધકેલાઈ રહેતી માતૃભાષાના મુદ્દા પરત્વે ગંભીરતા દાખવી તો એમની ભાષા પ્રત્યેની અને ભૂમિ પ્રત્યેની નિષ્ઠા દર્શાવે છે. શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ રસ લઈને આ ઉપક્રમ વિધાનસભામાં ખરચો લાવી પાર પાડવાનું કાર્ય કર્યું. આ બેઉ મહાનુભાવો ગુજરાતના રાજકીય ક્ષેત્રના 'સેકન્ડ ઈન કમાન્ડ' જેવી વિનમ્ર હેસિયત ધરાવતા આગેવાનો છે. સુકાન પર દિલ્હીની નજર રહે છે એટલે કૌંસમાં તો આ નિર્ણય પાછળ પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ જ ઊભેલા દેખાય. જો કે બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના પરિસરમાં 'માતૃભાષા ગૌરવ સમારોહ' ના ભવ્ય આયોજનમાં સવિશેષ તો યુનિવર્સિટીના કુલપતિ અને ગુજરાત યુનિવર્સિટીના કુલપતિનો સહિયારો પુરુષાર્થ જ દૃષ્ટિગોચર થયો. વળી એને બાબા સાહેબના જન્મદિવસની પૂર્વસંખ્યાએ ઊજવી દલિત આંદોલન સામે પ્રબુદ્ધ શિક્ષણવિદો અને સાહિત્યકારોના સમર્થન માટેની મથામણ લેખે પણ પ્રસ્તુત કરી શકાયું. ગુણવંત શાહ નાદુરસ્ત તબિયત છતાં હાજર રહી ટકોરાબંધ બોલ્યા અને જ્ઞાનપીઠ વિજેતા રઘુવીર ચૌધરીએ પણ એમના મનની વાત બલકે શિક્ષણની વર્તમાન હાલત બાબતની વેદના રજૂ કરી. સરવાળે માતૃભાષાનો મહિમા જરૂર થયો. સાથે એક ચિંતાજનક તથ્ય પણ ઊપસી આવ્યું તે એ કે ગુજરાત જ કદાચ એક માત્ર એવું રાજય છે અને ગુજરાતી પ્રજા જ એક એવી પ્રજા છે જેને મન માતૃભાષા એ કયારેય મહત્ત્વનો મુદ્દો રહેલ નથી. અહીં માતૃભાષા વંદના યાત્રા કાઢવી પડે છે અને દુનિયાભરને મુઠ્ઠીમાં કરી લેનારા ગુજરાતીઓને પોતાની નવી પેઢીને ગુજરાતી ધરાર ના આવડે એની લેશ પણ ફિકર નથી. જય જય ગરવી ગુજરાત. ઘણું જીવો ગુજરાતી !


# લીમડો શરીર માટે અસરકારક...?

તન દુરસ્તી
મહેન્દ્ર ગજ્જર
ડૉ. દિનેશ રાઠોડ



(ગતાંકથી આગળ...)

લેપ્રેસીમાં, આંખમાં, નંબર માટે અને ચામડીના દર્દો માટે લીમડાનો રસ બહુ જ ગુણકારી હોય છે. જેમ કે આપણા હિન્દુ ધર્મ પ્રમાણે ચૈત મહિનામાં આખો મહિનો જો લીમડાનો રસ પીવામાં આવે તો તાવ જેવી વસ્તુ આખા વર્ષ સુધી નથી થતી. એટલે કે તાવ માટે પણ લીમડાનો રસ ઉત્તમ છે. લીમડામાંથી ઓઈલ બનાવી શરીર પર વાપરવાથી ચામડીમાં તો ફાયદો થાય છે એ ઉપરાંત માથામાં લગાવવાથી વાળ પણ ખરતાં બચે છે. તમે કોઈપણ રોગ લો દરેકમાં લીમડાનું મહત્ત્વ ખૂબ જ વધારે છે. દુ:ખની વાત એ છે કે બહુ જ સહેલાઈથી મફત મળતી આ ઔષધિને આપણે હજુ સુધી મહત્ત્વ નથી આપ્યું. એટલે કે સહેલાઈથી અને



મફત મળતી આ વસ્તુને અથવા તો ઔષધિને આપણે ગણતા નથી. એ કદાચ આપણી મોટી ભૂલ છે. શરીરના કોઈપણ રોગ માટે લીમડો સારો છે. વર્ષો પહેલાં કોઈપણ વાયરલ ઈન્ફેકશનમાં ઘરમાં ખાસ કરીને બાળકોને થાય ત્યારે બળિયાબાપ પધાર્યા છે એમ કહીને એના ખાટલા પર લીમડો લોકો રાખતા હતા. હજુ પણ રાખે છે. પણ એની પાછળનું સાયન્ટીફિક કારણ બહુ ઓછાને ખબર છે. લીમડાને લોકો આધ્યાત્મિક રીતે દર્દીના ખાટલા પર રાખતા હોય છે. કોઈને પૂછો કે ખાટલા પર લીમડો કેમ રાખ્યો છે તો કહેશે કે નજર



ન લાગે. એટલા માટે અમે રાખ્યો છે. ઉંમરલાયક માણસોએ અમે જે કહ્યું એ પ્રમાણે કહીએ છીએ. ખરેખર સાચું શું એ તો કોઈને ખબર નથી. પણ વાત એ છે કે લીમડામાં બેકટેરિયા, વાયરસ અને સૌથી અગત્યની ફંગશ માટે બહુ જ અગત્યના ગુણો રહેલા છે જેનાથી શરીરમાં ગુમડા થતા હોય, ચામડી રોગ હોય, વાયરલ ઈન્ફેકશન હોય, શીતળા તો હવે નથી થતા. પણ એ સિવાયના બધા વાયરલ ઈન્ફેકશનમાં લીમડો અકસીર છે. એવી રીતે ફંગલ ઈન્પેકશનમાં જ્યારે જ્યારે ડૉક્ટરો થાકી જતાં હોય છે ત્યારે લીમડાની છાલનો લેપ એકદમ અકસીર હોય છે જેનાથી ચામડીના અઠીલા દર્દ સહેલાઈથી મટી જાય છે એ સિવાય પણ લીમડો ખાતર તરીકે ઉપયોગ કરીને ખેડૂતો સારો પાક પણ લઈ શકે છે. અત્યાર સુધી આપણે લીમડાના ફાયદા જોયા. તો સવાલ એ થાય કે શું લીમડો આટલો સારો છે ? તો એની આડઅસર શું છે ? એનું સેવન કરવાથી નુકસાન શું થઈ શકે ? નુકસાન લગભગ કાંઈ નથી, પણ પેગ્નેન્સીવાળા બહેનોએ લીમડો ન લેવો જોઈએ. લેવાથી પેગ્નેન્સીમાં જોખમ વધે છે. એવી રીતે જ બાળકને ધાવણ આપતા હોય એવા બહેનોએ લીમડાનો રસ ન લેવો જોઈએ. સૌથી સારી લીમડાની એ વાત છે કે લીમડો સેવન કરવાથી ન જોઈતી પ્રેગ્નેન્સીને કંટ્રોલમાં રાખી શકાય છે. વધારે ઊંડાણમાં આપણે લીમડાનું એ પણ જોઈશું કે ક્યા તત્ત્વને લીધે લીમડાના ક્યા ગુણ છે.

- sgpathlab@gmail.com

# ... તો આવતા દસ વર્ષમાં ભારતના ભાગલા થશે

મોરપીંછના રંગ
ડૉ. કનૈયાલાલ ભટ્ટ



એક તરફ ૨૧મી સદી આપણી સમક્ષ નવા નક્કોર વિશ્વને ખુલ્લું મૂકી રહી છે ત્યારે બીજી તરફ આપણો દેશ ૧૯મી સદીના સમયકાળમાં પાછો ફરી રહ્યો હોય એવી સ્થિતિ સર્જાઇ રહી છે. એક તરફ દુનિયા ડિઝીટલ લાઇફમાં મસ્ત બની છે ત્યા આપણે વાડાબંધી લાઇફ તરફ સરકી રહ્યા છીએ. એક તરફ દેશના વડાપ્રધાન અનેક વિરોધો સહન કરતા કરતા દેશને વિકાસને માર્ગે લઈ જવા મથે છે તો બીજી તરફ આપણે સૌ સાવ ક્ષૂલક મુદ્દાઓ ઊભા કરીને ભારતબંધના એલાન આપીને લાખો, કરોડો માણસોની રોજગારી છીનવી રહ્યા છીએ.

શું થઈ રહ્યું છે આજે ભારતને ? દેશની દિશા કંઇ તરફની છે ? વિકાસની કે વિધ્વંસની ? ભારતને એક બાજુ બહારના સરહદી દુશ્મનો પરેશાન કરે છે તો બીજી તરફ આંતરિક દુશ્મનોની આખી ફોજ પણ દેશને બરબાદ કરવા તલપાપડ છે. અને આ બધાની વચ્ચે સામાન્ય માણસો એટલે કે આપણે સૌ મૂક પ્રેક્ષક બનીને ઘડીક સત્યને પક્ષે તો ઘડીક અસત્યને પક્ષે તાલીઓ પાડીને જોયા કરીએ છીએ. કારણ કે વિશ્વના સૌથી મોટા લોકશાહી દેશના નાગરિક તરીકે આપણે ખુદ આપણી જ ઓળખ ગુમાવી રહ્યા છીએ. આપણે સૌ આપણી જ વિચારધારા ગુમાવી રહ્યા છીએ. અને એટલે જ આજે સાવ સામાન્ય ઘટનામાં કોઈપણ જૂથ ભારત બંધનું એલાન આપી શકે છે. અને આપણે ડરીને, ઘરમાં પુરાઈને ના ઈચ્છા હોવા છતાંય એને અનુમોદન આપીએ છીએ.

અત્યારની સ્થિતિ જોતા લાગે છે દેશને બહારના દુશ્મનો તો તોડી નહીં શકે કેમ કે ખુદ વડાપ્રધાન પણ એક મજબૂત સરકાર અને દૃઢ આત્મવિશ્વાસ સાથે પુરી શક્તિ અને સામર્થ્યથી કામ કરી રહ્યા છે. પરંતુ એમને હરાવવા, પછાડવા આપણા જ દેશના અનેક પરિબળો કામે લાગ્યા છે. છેલ્લા કેટલાંક સમયથી સમગ્ર દેશમાં બે ચાર મુદ્દાઓ મિડીયા અને અખબારોના પાનાઓ ઉપર ખુબ જ છવાયેલા રહ્યા છે. આ છેલ્લા દશકથી ભારતના પ્રત્યેક નાગરિકને દરરોજ ''કોમવાદ અને જ્ઞાતિવાદ''નું ધીમુ ઝેર પીવડાવવામાં આવી રહ્યું છે. આજે દેશના મોટાભાગના હિંદુઓ – મુસ્લિમોને અને મુસ્લિમો – હિંદુઓને મનથી નફરત કરતા થઈ ગયા છે. એક બીજા સાથે ભાઈચારો રાખવા ઈચ્છતા હોવા છતાંય ભાઈચારો રાખી શકતા નથી. અને આ નફરતનું ઝેર આપણા સૌના માનસમાં ઉતારવામાં આવ્યું છે. રાજનીતિ અને મિડીયા દ્વારા પીવડાવવામાં આવ્યું છે. પરંતુ આપણે આપણી આજુબાજુ નજર કરીશું તો તો દેખાશે કે આપણે ધારીએ છીએ તેવા હિંદુ કે મુસ્લિમો છે ખરા ? ટી.વી.માં કે સોશિયલ મિડીયા ઉપર બતાવવામાં આવે છે એવું તો આપણી આસપાસ બનતું જ નથી.

હવે ૨૦૧૯ની ચૂંટણીઓ નજીક આવી રહી છે. બધાને સતા જોઈએ છે. તેથી સત્તાનો ખેલ ખેલાવાની હવે શરુઆત થઈ ગઈ છે. વર્તમાન સરકારને કંઈ રીતે ઉથલાવવી એના તમામ પ્રકારના દાવપેચ હવે ખેલાશે. અને આ માટે સૌથી મોટો દાવ છે '' જાતિવાદ – જ્ઞાતિવાદનું ધીમું ઝેર '' જેને હવે ધીમે ધીમે આપણા સૌના માનસમાં પીવડાવવામાં આવી રહ્યું છે. છેલ્લા કેટલાક વર્ષોથી જોઇશું તો આપણા સમાજમાં દરેક જ્ઞાતિ સંગઠિત થઈ રહી છે. કોઇ ગામ કે શહેરમાં નાની એવી કોઇ ઘટના કે દૂર્ઘટના ઘટે તો પીડિત વ્યક્તિ બાજુ પર રહી જાય છે પણ એની જ્ઞાતિ – જાતિ કંઈ હતી તથા પીડા આપનાર વ્યક્તિની જાતિ કંઈ હતી તેને ધ્યાનમાં રાખીને એ ઘટનાને રાજકીય રંગ આપીને આંદોલનો શરું થઈ જાય છે. દુ:ખની વાત એ છે કે અહીં મોટેભાગે જે તે જ્ઞાતિના આગેવાનો કે ઠેકેદારો હોય છે એમને પીડિત વ્યક્તિ સાથે કે એની સંવેદના સાથે કે એની પીડા સાથે કોઈ લેવા દેવા હોતી નથી, બસ માત્ર ઉપરથી રાજકીય આગેવાનોની સૂચના મુજબ એમને ખુશ કરવા જ્ઞાતિના તમામ મોટા જનસમૂહોને ભેગા કરીને સરકાર સામે લડવા માટે સજ્જ થઈ જાય છે અને આપણે શિક્ષિત લોકો પણ આ પ્રવાહમાં ને પ્રભાવમાં આવીને આવી ઘટનાઓને સમર્થન આપીએ છીએ. આંદોલન કરીએ છીએ, બસ આવી જ રીતે હડતાલો, તોફાનો અને ગુજરાત – ભારત બંધના એલાનો પણ અપાય છે.

થોડા વર્ષો પહેલા '' પટેલ '' જ્ઞાતિ સંગઠિત થઈ, કોઈ એક જનસમૂહ જ્ઞાતિ લેવલે કામ કરવા માટે સંગઠિત થાય તે સારી વાત છે પણ જ્યારે એમાં રાજનીતિ ભળે છે. સ્વાર્થ ભળે છે, સત્તાની લાલસા ભળે છે ત્યારે બધા દૂષ્પરિણામો આવતા હોય છે. આજે બ્રાહમણો, જૈનો, ઠાકોર, ક્ષત્રિય તથા લગભગ મુખ્ય જ્ઞાતિ સંગઠિત થઈ રહી છે.

અને પાછી ખુબી એ છે આ બધી જ જ્ઞાતિ કોઈ ને કોઈ રાજકીય પક્ષ કે આગેવાન સાથે જોડાયેલી છે. અથવા પાછળથી કોઈ એનો દોરી સંચાર કરી રહ્યું હોય છે. રાતોરાત રાષ્ટ્રીય કક્ષા કે વૈશ્વિક કક્ષાના સંગઠનો સ્થપાઈ જાય છે અને એના પ્રમુખ, મહામંત્રી વગેરે પોતાની આર્થિક અને સામાજિક સ્થિતિ પ્રમાણે નિમાઈ પણ જાય છે. અને પછી જે તે જ્ઞાતિના બાળકોને, યુવાનોને, બહેનોને, વૃદ્ધોને પ્રોત્સાહિત કરતી અચાનક અનેક યોજનાઓ પણ આવી જાય છે, જ્ઞાતિના જે યુવાનો કે વિશિષ્ટ પ્રતિભાઓ છે એમને શોધી શોધીને એમને સન્માનવાના કાર્યક્રમો યોજાય છે. અને આ બધાથી આપણે સૌ એકદમ ગર્વિષ્ટ થઈને આ ગાડરિયા પ્રવાહમાં ખેંચાઈ જઈએ છીએ. પરંતુ આવા જ્ઞાતિના આગેવાનો પાસે ક્યારેક કોઈ વ્યક્તિગત કામ લઈને જવાથી એમની અસલિયત માલૂમ પડે છે. આ સૌને સત્તા જોઈએ છે સેવાની ભાવના નહિવત હોય છે. આવા જ્ઞાતિમંડળો – સમાજનું વિભાજન કરવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. આજે વિશ્વ આખું એક બનવાના આરે છે બધી જ સંસ્કૃતિઓ ભેગી થઈ રહી છે ત્યારે આપણા દેશમાં હજીયે ૧૭મી સદીની વિચારધારા કે સામૂહિક ભાવના ચાલી રહી છે. આજે એવો માહોલ સર્જાઈ રહ્યો છે કે દરેક જાતિના લોકો પોતાને અસલામતિની ભાવનાથી જૂએ છે. હિંદુઓને લાગે છે આવતા કેટલાંક વર્ષો પછી ભારતમાં મુશ્લિમોનું રાજ હશે, તો મુશ્લિમો માને છે કે આવતા કેટલાક સમયમાં હિંદુવાદી સંગઠનો કટ્ટર બનીને પોતાનો આતંક ફેલાવશે બીજી તરફ દલિતો ચિંતામાં છે કે જો સંવિધાન બદલાશે અને નવા નિયમો આવશે તો પોતાના વિકાસનું શું ? આટલા વર્ષો સુધી તો પોતે અન્યાય સહન કર્યો તો હજીયે આવો અન્યાય કેમ સહન કરવો ? – આવી બધી વાતો આપણા માનસમાં ઠસાવવામાં આવી રહી છે. આપણે એ કદી વિચાર્યું કે આ બધી બાબતો આવે છે ક્યાંથી ? વોટ્સપ અને ફેસબૂક પર આવી બધી ઉત્તેજક – ઉશ્કેરણીજનક વાતો ને ખાસ આશય સાથે વહેતી મૂકવામાં આવે છે.

કેમ કે આ રાજનીતિ રમતા લોકો સારી રીતે જાણે છે કે આપણી પ્રજા ધર્મ અને જાતિની બાબતમાં એકદમ સંવેદનશીલ છે. અને તેથી જ તેઓ ધર્મ અને જાતિની શતરંજ આપણી સાથે રમે છે. બાકી આપણી આજુબાજુ, શહેરમાં કે સમાજમાં બધુ સરળતાથી જ ચાલી રહ્યું હોય છે. પણ આ રાજનીતિ એને ક્ષણમાં અશાંતિમાં ફેરવી નાખે છે. આપણે જો આમાં ફસાયા તો આજે નહીં તો આવતીકાલે આજે જે ટીવીમાં બતાવાય છે તે આપણી આસપાસ પણ બનશે. આપણી આસપાસ પણ દંગા ફસાદ થશે, આતંક ફેલાશે, માટે ટી.વી. ફેસબૂક કે વોટ્સપ પર આવતા ઉશ્કેરણીજનક કે નફરત ફેલાવતા સમાચારો, વિડીયોથી દૂર રહેવું જ

અનુસંધાન પાના નં ૭ પર

# આ 'લીકેજ' રોકવું અઘરું છે...!

રઝળપાટ
અજય ઉપાધ્યાય



વર્ષ ૨૦૧૩-૧૪ તે વખતે હજુ પણ લોકપ્રિય અને હવે નામશેષ થઈ ચુકેલી યાહુ પરથી લગભગ ૫૦ કરોડ લોકોના ડેટા લીક... મેં-૨૦૧૪ શોપિંગ સાઈટ ઈબે પરથી ૧૪ કરોડ યુઝર્સના પાસવર્ડ અને ડેટા લીક... વર્ષ ૨૦૧૬ એડલ્ટ ફ્રેન્ડ ફાઈન્ડર નામની નામીચી વેબસાઈટ પરથી લગભગ ૪૦ કરોડ લોકોના ડેટા લીક...વર્ષ ૨૦૧૭ ઈકવીફેક્સ નામની સાઈટ પરથી ૧૫ કરોડ લોકોના ડેટા લીક...અને હવે ફેસબુક પરથી અંદાજે ૫ કરોડ લોકોના ડેટા લીક...! ઈતના સારા લીકેજ ઔર વો ભી બાર બાર કયું ભાયા...? સવાલ અઘરો છે તો જવાબ એનાથી પણ અઘરો છે. સાલું દુનિયામાં મફત કાંઈ મળતું નથી એ ફરી એકવખત આ ડેટા લીક મામલે સાબિત થઈ ગયું...! હોંશે હોંશે અને મોટા ઉપાડે વગર વિચાર્યે અજાણ્યા કે જાણીતા એપ ડાઉનલોડ કરતા લોકો માટે આ જબરી લાલબત્તી છે...!

સાઈબર નિષ્ણાતો વારંવાર એક વાતની ચેતવણી આપતા જ રહેતા હોય છે કે અજાણી કે શંકાસ્પદ લાગતી કોઈ પણ લીંક પર ક્લિક કરવી નહિ... એ વાયરસ પણ હોય શકે છે અને ફીસ્સી લીંક પણ કે જેના પર ક્લિક કરતા જ તમે કોઈ અજાણ્યા સર્વર પર કે વેબપેજ પર જઈ ચડો છો અને પછી લાલચમાં તમારી માહિતી આપી બેસો છો...! હજુ હમણાં જ ઘણા બધાને વોડાફોન ના નામે એક ઈમેલ આવ્યો હશે કે એઝ એ લોયલ કસ્ટમર તમને આઈફોન એક્સ ઈનામમાં લાગ્યો છે, આ લીંક ક્લિક કરો..! જેવી એ લીંક ક્લિક કરો કે તરત જ ભળતી સાઈટ પર લખેલું આવતું કે એક ડોલર ટોકન મની પે કરો અને મેળવો તમારો આઈફોન...! લોલ્ઝ ઘણા આ ઝપેટમાં આવી ગયેલા.. અસલમાં કોઈને આઈફોન મળ્યો કે નહિ એ ખબર નથી પણ એક ડોલરની લાલચે તમારું એડ્રેસ, ક્રેડીટ કાર્ડ ડીટેલ અને મોસ્ટ પ્રોબેબ્લી તમારો પીન તો એ સાઈટના ગુરુઘંટાલોના હાથે ચડી જ જાવાનો ! ખેર દુનિયા ઝૂકતી હૈ ઝુકાનેવાલા ચાહિયે એ મુજબ ભલભલા અક્કલમંદ લોકો આ લાલચમાં આવી જ જાય..!

ખેર વાત ડેટા લીકની કરી રહ્યા છીએ ત્યારે એક વાત લખી રાખો કે કોઈ પણ સોશિયલ સાઈટ કે કોઈ પણ એપ કશું જ મફત આપતા નથી સાથે સાથે એ પણ હકીકત છે કે હું કે તમે કોઈ પણ ડાઉનલોડ વખતની એક્સેસ પરમીશન પણ વાંચતા નથી જ. હજુ તાજેતરમાં જ એપલની સુરક્ષિત મનાતી ડેટા સ્ટોરીંગ ફેસેલીટી આઈ કલાઉડ પરથી સેલેબના અંગત ફોટાઓ લીક થયેલા જો કે એને લીકેજ કરતા હેકિંગ વધુ ગણાય પણ સૌથી મહત્વની વાત એ છે કે તમારા મોબાઈલમાં કે ઈવન પીસી પર ડાઉનલોડ થતા દરેક એપ તમારી પર્સનલ ચીજો વિશેની માહિતી એકઠા કરતા જ રહેતા હોય છે. સિમ્પલ દાખલો આપું, તમે ગુગલમાં જઈને કે બુકિંગ ડોટ કોમ જેવી કોઈ સાઈટ પર જઈને ઉદેપુરની કોઈ હોટેલની ઈન્કવાયરી કરશો એ પછીથી માર્ક કરજો કે કોઈ બીજી સાઈટ ઓપન કરશો તો પણ ઉપર-નીચે આજુ-બાજુ ક્યાય પર તમને 'હોટેલ્સ ઈન ઉદેપુર' કે 'ચીપ ડીલ્સ ઓફ ઉદેપુર હોટેલ્સ' એવી જાહેરાતો આવતી થઈ જ જશે...! કેમ ભાઈ ? કારણ કે ગુગલે કે જે તે સર્ચ એન્જીને જાણી લીધું કે તમે ઉદેપુરમાં હોટેલ શોધો છો...! તમારી એક એક હરકત જે તે એપ કે સાઈટ રેકોર્ડ કરતી જ રહેતી હોય છે..બસ કઈક આવું જ છે આ ડેટા લીકનું પણ...!

ફેસબુકના ડેટા લીક વખતે ઘણાને એવું લખતા કે બોલતા સાંભળ્યા કે ફેસબુક આપણા ડેટા લઈને શું કમાઈ લેવાનું ? પણ હકીકતે તમારા ડેટાની તમને કિંમત હોય કે ના હોય પણ આધુનિક સાઈબર વર્લ્ડમાં એક એક ડેટા કોઈને કોઈ માહિતી તો આપતો જ રહેવાનો અને આ જ તો છે કમાણી...! હવે એ તો ખુદ ઝુકરીયાએ પણ કાબુલી લીધું છે કે કેમ્બ્રિજ એનાલીટીકાના એપ દ્વારા કરોડો લોકોનો પર્સનલ ડેટા કે જેમાં એમના ગમા-અણગમા જેવી વાતો સામેલ હતી એ લીક કરીને એનો ઈલેકશનમાં ઉપયોગ કરાયો હતો. ખેર આપણા ડેટામાં એવું શું હોય કે કોઈ લીક કરે એવી વાત કરવી એટલી જ સાચી છે પણ સાથે સાથે એ પણ સાચું છે કે તમારો લીક થયેલો ડેટા એ એક પ્રકારનું સર્વેક્ષણ જ છે કે જેના પરિણામો જે તે સાઈટ કે એપ વેચીને તગડી કમાણી કરતી હોય છે. શેરીઓમાં પ્રોજેક્ટના બહાને કશુક વેચવા નીકળીને પબ્લિક સર્વે કરતા છોકરાઓ કે મોલમાં એકાદ ફ્રી કિચેન કે પેનના બદલામાં તમને શું ગમે છે એવા ફોર્મ ભરાવતા પ્રમોશનલ ઈવેન્ટો જેવું જ આ ડેટા લીક કરીને કરાતું અને પછીથી લાગુ પડતાને વેચાતું એક સર્વેક્ષણ જ છે...!

આજે દરેક જગ્યાએ ઈમેલ અને મોબાઈલ નમ્બર આપવો અનિવાર્ય બની ગયો છે, ઈવન પિઝ્ઝા ખાવા જાવ તો એ પણ મોબાઈલ નમ્બર માંગે (તારી ભલી થાય ચમના..!) અને જો ના આપો તો પણ જ્યાં જરૂરી હોય એવી સરકારી કે બીજી જગ્યાએ આપેલા ઈમેલ અને મોબાઈલ નંબરો ધડાધડ માંડે વેચાવા...! એ તો તમને ત્યારે ખબર પડે કે તમારા મોબાઈલ પર લોન - રિસોર્ટ કે બેંક જેવા લાગતા લોકોના ફોનો આવવા માંડે કે પછી ઈમેલમાં જુદી જુદી સાઈટો પરથી પ્રમોશનલ ઓફરોના મેલો આવવા માંડે. જગત ઓનલાઈન થતું જાય છે અને આપણે પણ. મુવી ટીકીટ, ફૂડ ઓર્ડર, હાઉસ ટેક્ષ વગેરે વગેરેમાં જ્યાં પણ પર્સનલ ડીટેલ શેર કરી કે પત્યું... ઈમેલ્સ અને ફોનો ચાલુ...! તમારા નમ્બરને ઈમેલ એક સેકન્ડમાં માંડે વેચાવા...! ઓબામાં નો કે રાહુલનો કે મોદીનો ઈમેલ તમારા ઈન્બોક્ષમાં આવે તો આપણેય માથું ખંજોળવા માંડીએ કે આને ક્યારે આપણે ઈમેલ આપેલો...? ભારતના સંદર્ભમાં અને ફેસબુક ડેટા લીક પ્રકરણ વિષે વિચારીએ તો ઈન્ડીયામાં ડેટાનું વેચાણ મોટેભાગે પ્રોડક્ટ્સ વેચવા માટેના પ્રમોશન અને સર્વેમાં થાય છે તો ચૂંટણી સમયે આ જ ડેટા જરા જુદી રીતે ચુનાવી પાર્ટીઓને વેચાય છે..!

લોકેશન એક્સેસ હમેશા ઓફ રાખો અથવા જરૂર મુજબ જ વાપરો, થર્ડ પાર્ટી એપને બધી પરમીશન ના આપો, ભળતા-સળતા નામવાળા એપ ડાઉનલોડ ના કરો, બને એટલી ઓછી પર્સનલ સામગ્રી શેર કરો, મફતિયા લીંકો પર ક્લિક ના કરો, જુદા જુદા ડીવાઈસ પરથી લોગીન થવાનું ટાળો આવા અનેકો ઉપાયો તો છે છતાં પણ ગમે એટલા સેટિંગ બદલો કે ગમે એટલી સાવધાની રાખો પણ તમારી ઓનલાઈન ફૂટપ્રિન્ટ ગમે ત્યાંથી આ ડેટાચોરો પકડી જ લેવાના. અત્યારે બધાને ઓલ્વેઝ ઓનલાઈન રહેવું છે, ઓનલાઈન વ્યક્ત થવું છે, ઓનલાઈન ઓપન થવું છે - વિચારોથી, વસ્તુઓથી, એક્ટીવીટીઝ્થી એવામાં આ ડેટાચોરો માટે તમારી ડીજીટલ ફૂટપ્રિન્ટ શોધવી અઘરી નથી. આધારનો ડેટા લીક થવાનું બખડજંતર ચાલુ જ છે, વોટ્સએપ પણ આમાંથી બાકાત નથી જ. ઓટીપીના નામે તમારા મેસેજ રીડ કરી લેવાનું તો હવે જુનું બની ગયું છે, ગમે એટલા હોશિયાર રહો તો પણ આ ચોરો એકદમ શાતીર છે અને ગમે ત્યારે તમને શીશામાં ઉતારી જ દેવાના અને એનું કારણ છે તમારી ડીજીટલ ફૂટપ્રિન્ટ. હેકરો તો એક લાખ લોકોના ડેટા માત્ર પાંચ હજારમાં જ વેચે છે એ તો જાહેર વાત છે અને ઉપરથી આવા એપ્સ મફતમાં ડેટા લઈને લાખોમાં વેચે છે એ હવે જાણીતું થઈ ચુક્યું છે મોટાભાગના એપ્સમાં પ્રાઈવસી સેટિંગ આવે જ છે જે તમારી રીતે સેટ કરેલા હોવા છતાં પણ ઘણીવાર એપ અપડેટ થાય ત્યાર પછીથી એ ઓરીઝીનલ સેટિંગમાં આવી જતા હોય છે આ પણ એક પ્રકારની ડીજીટલ ચતુરાઈ જ છે જેમાં ઘણા લોકો ફસાઈ જાય છે. સવાલ ડેટા કીમતી છે કે નહિ એના કરતા પણ મારીને તમારી પ્રાઈવસી પર તરાપ છે એમ વધુ કહી શકાય અને નબળા સાઈબર લો ને લીધે અને વગર વિચાર્યે વધતી જતી ડીજીટલ ફૂટપ્રિન્ટોને લીધે હાલ તો આને રોકવાનો કોઈ ઠોસ ઉપાય સાઈબર નિષ્ણાતો પાસે દેખાતો નથી ત્યારે યુઝર્સે જાતે જ પોતાની અક્કલ વાપરીને આવા લીકેજથી બચવું પડશે...!